SANDESH SURAT MONDAY, 5•12•2016

# પિસ્તોલ અને કારતૂસ વેચવા ફરતી ટોળકી વેસુમાંથી ઝડપાઇ

■ **મધ્યપ્રદેશના કટનીથી વેચવાના ઇરાદે હથિયાર લાવ્યા હતા**

સુરત, તા. ૪

વેસુ વીઆઇપી રોડ ઉપર પિસ્તોલ અને કારતૂસ લઇ ફરતી ટોળકીને સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપ દ્વારા ઝડપી લેવામાં આવી હતી. ઝડપાયેલા ચાર પૈકી બે યુવકો મધ્યપ્રદેશના કટનીથી હથિયાર લાવ્યા હતાં, જ્યારે અન્ય બે વેચવાની વ્યવસ્થા કરવાના હોવાનું પોલીસે જણાવ્યું હતું.

સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપના સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર સ્ટાફના માણસો વેસુ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતાં. આ દરમિયાન અનિલભાઇ અને ભરત પાટીલને એવી બાતમી મળી હતી કે ભટારના આઝાદ નગર પાસે રસુલાબાદમાં રહેતો અઝહર અને સાદાબ ક્યાંયથી પિસ્તલ લઇ આવ્યા છે. આ બાતમીના આધારે એસઓજીએ ખાનગી રાહે તપાસ કરતાં આ બે જણા અન્ય બે યુવકો સાથે હથિયારના ડિલિંગ માટે પ્રયાસ કરી રહ્યા હોવાનું બહાર આવ્યું હતું. આ બંને જણા વેસુમાં વીઆઇપી રોડ ઉપર શ્યામ ખાટુ મંદિર પાસે હથિયારનો સોદો કરવા જવાના હોવાનું જાણવા મળતાં પોલીસે ત્યાં વોચ ગોઠવી હતી. બાતમી અનુસારની (જીજે ૫ ડીપી ૫૭૬૦)નંબરની મોટર સાઈકલ ઉપર આ બે યુવકો ઉપરાંત અન્ય બે જણા ત્યાં આવતાં પોલીસે ઘેરો ઘાલી ચારેયને ઝડપી લીધા હતાં.

પોલીસે સોએબખાન કરીમખાન પઠાણ, અઝહર ઉર્ફે અઝ્ઝૂ લિયાકતખાન પઠાણ, સાદાબ હસન શેખ તથા અબ્દુલ રઝાક ઉર્ફે રઝ્ઝબ અબ્દુલ રહીમ ખાનને પકડી તલાશી લેતાં તેઓ પાસેથી એક દેશી પિસ્તોલ તથા નવ કારતૂસ મળી આવ્યા હતાં. પોલીસની તપાસમાં એવી વાત બહાર આવી હતી કે સાદાબ અને રઝાક મધ્યપ્રદેશના કટનીથી આ હથિયાર લાવ્યા હતાં. તેમણે અઝહર અને સોએબને હથિયાર વેચવાનું કામ સોંપ્યું હતું. સાદાબ અને રઝાકનો સાથીદાર બલીરામ પટેલ ત્રણ મહિના અગાઉ વરાછા પોલીસના હાથે હથિયાર સાથે ઝડપાઇ ચૂક્યો છે.